**Press Clippings**

| Publication | Edition | Date | Page Number | Subject |
|---|---|---|---|---|
| Gujarat Samachaar | Mumbai | 01/12/2017 | 02 | Mintage World |

'ભવમે શરદઃ શતમ્'

# અસ્તિત્વનાં એક સો વર્ષ પૂરાં કરતી રૂા. એકની ચલણી નોટ

મુંબઈ,તા.૩૦

આજના દિવસે રૂા.એકની ચલણી નોટ તેના અસ્તિત્વનાં એકસો વર્ષ પૂરાં કરે છે. બ્રિટનના તે વખતના રાજા પંચમ જ્યોર્જનું રેખાચિત્ર ધરાવતી રૂા.એકની નોટનું મુદ્રણ ઈંગ્લેન્ડમાં કરવામાં આવ્યું હતું અને ૩૦મી નવેમ્બર, ૧૯૧૭ના તે ભારતમાં ચલણમાં મૂકવામાં આવી હતી. આમ આ નોટે 'જીવત શરદઃ શતમ્' (એકસો વર્ષ જીવો અને 'ભવમે શરદઃ શતમ્' (એકસો વર્ષ ટકી રહો)ની અર્થવેદની વાણી યથાર્થ ઠરાવી છે.

આમ તો, ભારત સરકાર દ્વારા ૧૮૬૧થી ચલણી નોટો જારી કરવામાં આવતી હતી: પરંતુ પ્રથમ વિશ્વવિગ્રહ દરમિયાન શસ્ત્રસરંજામ ઘટકો બનાવવા ચાંદીના રૂા. એકના સિક્કા પીગાળી



નાખવામાં આવ્યા હોવાને કારણે ૧૯૧૭માં રૂા.એકની ચલણી નોટ જારી કરવામાં આવી હતી.

૧૯૧૭માં આ નોટ ચલણમાં મૂકાઈ ત્યારે રૂા.એકનું મૂલ્ય ૧૦.૭ ગ્રામ ચાંદી બરાબર (સમાન) હતું. હાલમાં ૧૦ ગ્રામ ચાંદીની કિંમત રૂા.૩૯૦ હોવાની બાબતને ધ્યાનમાં લઈ મુદ્રા (સિક્કા) શાસ્ત્ર વિદોએ અંદાજ લગાવ્યો છે કે અસ્તિત્વના એક સો વર્ષ દરમિયાન રૂા.એકનું લગભગ ૪૦૦ વખત અવમૂલ્યન થયું છે.

જો કે, રૂા.એકની ચલણી નોટ ક્યારેક જોવા મળે છે ત્યારે સિક્કા સર્વસામાન્ય બની રહ્યા છે. પરંતુ આ નોટની ભારે માગ છે, વિશેષ કરીને શુભ પ્રસંગો અને તહેવારોમાં કારણે એવે વખતે ભેટમાં આપવાની રકમમાં સિક્કાને બદલે રૂા.એકની નોટ ઉમેરવાનું લોકો વધુ પસંદ કરે છે. સિક્કા, ચલણી નોટ અને ટપાલ ટિકિટોના ઓનલાઈન મ્યુઝિયમના સીઈઓ સુશીલકુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે રૂા. એકની એકસો નોટનું બંડલ તહેવારોમાં વધુ કિંમત આપીને લોકો ખરીદે છે.

## 'જીવેત શરદઃ શતમ્'ની શુભેચ્છા યથાર્થ કરાવી : ઈંગ્લેન્ડમાં છપાયેલી સૌ પ્રથમ રૂા.એકની નોટ ભારતમાં ૩૦મી નવેમ્બર ૧૯૧૭માં ચલણમાં મૂકાઈ હતી